# શ્રમ અદાલત નં.૧ વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે.ઠાકર સમક્ષ.

**રેફરન્સ(એલ.સી.વી) નં.૩૪૧/૨૦૧૮**
**આંક:-૯**

**પ્રથમ પક્ષકાર:-** **(૧) જી.એસ.એફ.સી.**
છાણી રોડ, વડોદરા.

**(૨) ગ્રીન ટેક ગાર્ડન**
દેવી લોરેસ સ્મૃતિ,
૯૬/ડી, વોલકેસનગર નજીક, ચાર રસ્તા,
ઈન્દ્ર રોડ, જામનગર

**(૩) જશુભાઈ કે. રોહીત**
સી/ઓ. સંસ્થા

**(૪) કોન્ટ્રાકટરશ્રી,**
નિલકંઠ એન્ટરપ્રાઈઝ
સી/ઓ. સંસ્થા
(આંક-૭ ના સુધારાથી પ્રથમ પક્ષકાર નં.૩ અને ૪ને
જોડેલ છે.)

**-:: વિ રુ ધ્ધ ::-**

**બીજા પક્ષકાર:-** **શ્રમયોગી શ્રી મંજુલાબેન છત્રસિંહ કોડી**
૮/૦. ભારતીય કર્મચારી સંઘ, શાસ્ત્રીપોળ,
કોઠી ચાર રસ્તા, વડોદરા.

હાજર રહયા:- પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે : વિ.યુ.પ્રશ્રી પિયુષ દણાંક
પ્રથમ પક્ષકાર નં.૨ થી ૪ તરફે : કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે : વિ.યુ.પ્રશ્રી જે.પી.સુથાર

**-:: એ વો ર્ડ ::-**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીના તા.૧૮/૦૮/૨૦૧૮ ના હુકમ નંબર-કે.એચ./એસ.એચ./એમ.સી./વ/એ.જે./૧૮૪૩૬ થી શ્રી મંજુલાબેન છત્રસિંહ કોડીને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાયનિર્ણય કરવા માટે અત્રેની અદાલતને રીફર કરવામાં આવેલ છે.

**(૨)** રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે આવ્યા બાદ નોટીસ બજતા, આંક-૪ થી બીજા પક્ષકારે માંગણા નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા વડોદરા-છાણી

રોડ ઉપર આવેલ નામચીન ઉદ્યોગ આવેલ છે. સદર સંસ્થાને આઈ.ડી.એકટના વિવિધ મજુર કાયદાઓની જોગવાઈઓ લાગુ પડે છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર અનુક્રમે ૨, ૩, ૪ કોન્ટ્રાકટના ઓથા હેઠળ તારીખ: ૨૦૧૨ થી ૨૦૧૯ તરીકે પર ડે ૨૫૦ દૈનિક વેતનથી ખંત તથા નિષ્ઠાપુર્વક નોકરીની ફરજો બજાવેલ. બીજા પક્ષકાર લાંબા ગાળાથી નોકરીમાં જોડાયા ત્યારથી એકધારી નોકરીની ફરજો બજાવી છે વખતો વખત કોન્ટ્રાકટર બદલાયા છે. પ્રથમ પક્ષકાર નં.૨ને કોન્ટ્રાકટ મળવાથી મીનીમમ રેટ ન આપવાનુ તેમજ ૧૭ દિવસની હાજરી આપવાનું ચાલુ કર્યુ તેથી બીજા પક્ષકરે પુરી હાજરી અંગે સામુહીક હડતાળ પર ગયેલ. પ્રથમ પક્ષકાર નં.૨ માર્ચ–૧૭ થી જાન્યુ–૧૮ સુધી કોન્ટ્રાકટ રહેલ. ત્યારબાદ જે.કે.રોહીત નામના કોન્ટ્રાકટરને ડીસે.૨૦૧૮ થી ફરી કોન્ટ્રાકટ આપવામાં આવેલ. પ્રથમ પક્ષકાર નં.૪ કોન્ટ્રાકટરે બીજા પક્ષકાર સામે કન્ડીશન મુકી કહેલ કે, ''પુરી હાજરી મળશે નહી, પ્રોવિડન્ડ ફંડ કાપીશું નહી એટલું જ નહી પણ બોનસ પણ આપવામાં આવશે નહી.'' તેમ જણાવેલ. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા ત્યારે કોઈ નોટીસ યા નોટીસના બદલામાં કોઈપણ જાતનું વળતર ચુકવેલ નથી અને બચાવની તક આપ્યા વિના મૌખિક હુકમથી માંગણા નીવેદનમાં તારીખ: ૧/૧/૨૦૧૯ તથા મદદનીશ શ્રમ આયુકત સમક્ષ તારીખ: ૧/૨/૨૦૧૮ના રોજથી છુટા કરી વીકટીમાઈઝ કરી બેકાર બનાવી દીધેલ છે. ત્યારબાદ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કર્યા પરંતુ કોઈ કાયમી નોકરી મળેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર આનુસાંગિક તમામ લાભો સાથે સળંગ નોકરી ગણી બીજા પક્ષકારને મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા તથા રેફરન્સનો ખર્ચ પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર કામે પ્રથમ પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતા પ્રથમ પક્ષકાર નં.૧ તરફે વિ.યુ.પ્રશ્રી હાજર રહી આંક–૬ થી જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારના રેફરન્સની તમામ હકીકત નકારીએ છીએ. બીજા પક્ષકાર કોન્ટ્રાકટરના કામદાર હતા. બીજા પક્ષકારને ફરજ બાબતની તમામ સુચના કોન્ટ્રાકટર ધ્વારા આપવામાં આવતી હતી. બીજા પક્ષકારને સંસ્થા વચ્ચે માલિક–નોકરના સંબંધો ન હતા. જેથી બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવા અરજ કરેલ છે.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૨ થી ૪ તરફે કોઈ હાજર રહી જવાબ રજુ કરેલ ન હોય, પ્રથમ પક્ષકાર નં.૨ થી ૪નો જવાબ રજુ કરવાનો હકકબંધ કરવામાં આવે છે.

(૪) ત્યારબાદ પક્ષકારો તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ પક્ષકારો તરફે કોઈ હાજર ન રહેતા પક્ષકારોની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા પરથી હાલના રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે ?

મુદદા નં.૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે?

મુદદા નં.ર. શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે ?

મુદદા નં.૩. આખરી શું હુકમ ?

(૭) ઉપરોકત મુદદાના અત્રેની અદાલતના નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદદા નં.૧. નકારમાં

મુદદા નં.ર. નકારમાં

મુદદા નં.૩. આખરી હુકમ મુજબ.

## –:: કા ર ણો ::–

(૮) <u>મુદદા નં.૧ અને ર :–</u>

આમ, ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતાં બીજા પક્ષકારે આંક–૪ થી તેઓનું માંગણાનું નીવેદન રજુ કરેલ છે. પરંતુ આ માંગણાનું નીવેદનની હકીકતોની સાબિતી માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારને આવો પુરાવો રજુ કરવા માટે ઘણી તક આપવા છતાં બીજા પક્ષકાર કે તેમના પ્રતિનિધિ હાજર રહેતા ન હોય, બીજા પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. તેવી જ રીતે સામાવાળા તરફે તેમના વિ.યુ.પ્રશ્રીએ લેખિત જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ પક્ષકારોની દલીલોનો હકકબંધ કરેલ છે. આ કામે નિયમ મુજબની કાર્યવાહી કરી આ કામ હુકમ ઉપર લીધેલ છે. આ કામમાં બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ તેઓને છુટા કરવાની તારીખ: ૧/ર/ર૦૧૮ દર્શાવેલ છે. જયારે તેઓના માંગણાના નીવેદનમાં તા.૧/૯/ર૦૧૯ દર્શાવેલ છે. આમ, આ હકીકતો વિરોધાભાસી છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં બીજા પક્ષકાર આ કામના સામાવાળાએ બીજા પક્ષકારને ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧ અને રનો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

૧) બીજા પક્ષકારનો રેફરન્સ(એલ.સી.વી.) નં.૩૪૧/૨૦૧૮ નામંજુર કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(ધીરેન જગદીશભાઈ ઠાકર)**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત (નં.૧), વડોદરા.**
**કોડ નં. જી.જે.૦૦૭૪૮**

**તારીખ : ૨૯/૦૯/૨૦૨૩.**
**સ્થળ : વડોદરા.**
જે.એમ.ગાંધી